રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની આ સપ્તાહમાં જાહેરાત

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા અંગે આ સપ્તાહમાં ગમે ત્યારે તેની વિધિવત્ ઘોષણા કરી દેવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીઓ બે તબક્કામાં યોજવામાં આવશે. પ્રથમ તબક્કામાં મનપા અને ન.પા.ની ચૂંટણીઓ યોજાશે જ્યારે બીજા તબક્કામાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજવામાં આવશે.

મનપા-ન.પા.ની ચૂંટણીનું મતદાન એક જ દિવસે યોજાશે જ્યારે જિલ્લા અને તા.પં.ની ચૂંટણીનું મતદાન પણ એક જ દિવસે યોજવામાં આવશે. મતદાનની પ્રક્રિયામાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરાશે. આ માટે થર્મલ ગનથી સ્ક્રેનીંગ કરવા ઉપરાંત ફેસ શિલ્ડ માસ્ક તેમજ હેન્ડ ગ્લોવઝ અને સેનીટાઈઝેશન માટે સેનીટાઈઝરની વ્યવસ્થા પણ રાખવામાં આવનાર છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૧-૧-૨૧ની સ્થિતિએ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થઈ ચુકી છે. મતદાન મથકોને મંજૂરી પણ આપી દેવામાં આવી છે. જિલ્લાઓમાં જ્યાં જ્યાં ઈ.વી.એમ.ની ઘટ હતી તે પણ પૂરી કરી દેવામાં આવી છે અને પંચે ત્રણ દિવસમાં ફર્સ્ટ લેવલ ચેકીંગની પ્રક્રિયા પૂર્ણ કરી લેવાની સૂચનાઓ પણ આપી દીધી છે.

આ ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓની નિયુક્તી પછી સ્ટાફની પસંદગી અને તેની ડેટા એન્ટ્રીની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચ દ્વારા વિધિવત્ ઘોષણા થયા પછી તે જ દિવસથી આચાર સંહિતાનો અમલ પણ શરૂ થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર

મનપાનું ડ્રાફ્ટ બજેટ ૨૨મીએ રજુ થશે

બજેટના કદમાં મોટો વધારો નહિ કરાય પણ ૨૦ ટકાથી ૩૦ ટકાનો વધારો થશે તેવા સંકેતો સાથે નવા ઉમેરાયેલા વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના સુદૃઢીકરણ પર ભાર મુકાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાનું ડ્રાફ્ટ બજેટ ૨૨મી જાન્યુઆરીના રોજ કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે.

કમિશનર દ્વારા ૨૦૨૦-૨૧નું સુધારેલુ અંદાજપત્ર તથા વર્ષ ૨૦૨૧-૨૨નું ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડ્રાફ્ટ બજેટ અંદાજે રૂ. ૩૫૦ કરોડની આસપાસનું રજુ કરવામાં આવશે. ગાંધીનગર શહેરની હદ વધ્યા પછીનું આ પ્રથમ બજેટ છે પણ તેમાં નવા ઉમેરાયેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓના કામોને અગ્રતા આપી સંતુલિત વિકાસને અગ્રતા આપવામાં આવશે.

આ ડ્રાફ્ટ બજેટમાં નવા ઉમેરાયેલા વિસ્તારને કારણે આવકમાં વૃદ્ધિ થશે પરંતુ તેનો અંદાજ હાલ કહેવો અશક્ય હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. ગ્રામીણ વિસ્તારોમાં જુની આકારણી પ્રમાણે મિલ્કતવેરો વસુલાશે પરંતુ મિલ્કતોનો સર્વે કરવા ઉપરાંત પ્રાથમિક સુવિધાઓને ઝડપથી ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરાશે.

આ ડ્રાફ્ટ બજેટ ૨૨મી જાન્યુઆરીએ રજુ થનાર છે તેમાં નવા સમાવાયેલા વિસ્તારમાં આરોગ્ય-શિક્ષણ સહિતની સેવાઓના સુદૃઢીકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ વિસ્તારોને વાઈ-ફાઈની સુવિધા ઉપરાંત અન્ય પ્રોજેક્ટ્સ પણ હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ નવા વિસ્તારોનો ઉમેરો થતાં મનપામાં નવી ભરતી માટેની દરખાસ્ત પણ બજેટમાં રજુ કરાશે. આ ઉપરાંત પગાર ખર્ચમાં પણ ભારેખમ વધારો થવાની સંભાવનાઓ છે.

રાજ્ય સરકાર દ્વારા હજુ સફાઈ સિવાયની કોઈ સેવાઓ સોંપવામાં આવી નથી પણ નવી કઈ-કઈ સેવાઓ મળશે તેના સંકેત મળશે તેમ મનાઈ રહ્યુ છે.

મનપા દ્વારા આવક વૃદ્ધિ પર વિશેષ ભાર મુકવામાં આવશે જેથી આગામી દિવસોમાં આવનારા પડકારોને આર્થિક રીતે પહોંચી શકાય તેવુ આયોજન કરવામાં આવશે. મનપા દ્વારા નવા કામો ઓછા સૂચવવામાં આવશે પરંતુ નવા ઉમેરાયેલા વિસ્તારોમાં માલ ટ્રાન્સપોર્ટેશન પર અગ્રતા આપવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વિવિધ સમિતિઓની રચના કરતુ તંત્ર

તંત્રએ તેની તૈયારીઓને ગતિ આપી હવે આગામી દિવસોમાં તે મિશન મોડ પર કામ કરશે

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લામાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે તંત્રએ તેની તૈયારીઓની ગતિને વેગીલી બનાવી છે.

જિલ્લા તાંત્રાએ આચારસંહિતા, મતદાર જાગૃતિ અભિયાન, ઈ.વી.એમ. માટે તેમજ ખર્ચ નિયંત્રણ માટેની કમિટીઓની રચના કરી દીધી છે. તાલુકાઓમાં ઈ.વી.એમ.ની ફાળવણી પછી ફર્સ્ટ લેવલ ચેકીંગ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે આચારસંહિતા અમલીકરણના નોડલ ઓફિસર તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવને નિમ્યા છે.

ઈ-ડેસ્ક બોર્ડ અને ડેટા એન્ટ્રી માટેના નોડલ ઓફિસર તરીકે ડી.આઈ.ઓ. એન.આઈ.સી.ના અબ્રાહમ વર્ગીસને નિયુક્ત કર્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ખર્ચની મર્યાદા નિયત થઈ છે અને ઉમેદવારે દર ચોથા દિવસે આ હિસાબો રજુ કરવાના રહેશે. આ ખર્ચ નિયંત્રણ માટે નોડલ ઓફિસર તરીકે જિલ્લા તિજોરી અધિકારી તેમજ દહેગામ, માણસા અને કલોલની સેલ્સટેક્ષ કચેરીના અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે.

ઈ.વી.એમ.ની ફાળવણી તેમજ તેના અદ્યતન રજીસ્ટર બનાવવા માટે જિલ્લા આયોજન અધિકારી એન.જી. પટેલ અને જ.ફા. મામલતદાર સુશ્રી પંચાલની ટીમ બનાવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરનો ગુલાબી ગુલદસ્તો...!!

ગાંધીનગર અનોખા રંગરૂપ ધરાવતું શહેર છે, અહીં માત્ર રાજકારણીઓ જ પોતાનો રંગ નથી બદલતા રહેતા પરંતુ પ્રકૃતિ પણ દર મૌસમમાં નવા રંગરૂપ ધારણ કરીને શહેરના સૌંદર્યને નીત નવો નિખાર આપતી રહે છે. અત્યારે શહેરના વીઆઈપી રોડ ગણાતા જ માર્ગ પર સર્કિટ હાઉસની સામેના જયોતિગ્રામ સર્કલે ગુલાબી રંગના ગુલદસ્તા સમાન ખિલેલું આ વૃક્ષ સૌ કોઈનું ધ્યાનાકર્ષિત કરી રહ્યું છે.

જિલ્લામાં કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા

ગાંધીનગર તાલુકામાં ૭ કેસ નોંધાયા : શહેરમાં સે. ૨૮ અને ૭ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૧ અને ૨૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર વચ્ચે આજે ૧૩ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૬ અને જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૭ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં માત્ર ને માત્ર ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જ ૭ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના રાંદેસણ ગામેથી બે અને વાયુશક્તિનગર ગામેથી બે કેસ મળી આવ્યા હોવા ઉપરાંત મોટા ચિલોડા, રાયસણ અને પેથાપુર ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૮૯૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં અત્યારે હાલ એક્ટીવ કેસ તરીકે ૫૪ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨૮૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ કેસમાંથી ૪ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં ધીરે ધીરે કોરોનાનો ખોફ ઘટી રહ્યો છે. આજે શહેરમાં માત્ર છ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ

● અનુસંધાન પાન-૭ પર

ડેપોના નવિનીકરણની યોજના હજુ ખોરંભે ફોટોગ્રાફ્સ સાથે રીપોર્ટ મોકલાયો

દોઢ દાયકાના અંતે ડેપોમાં પોલીસ ચોકી પણ કાર્યરત થઇ નથી : મુસાફરોને સુવિધા તો નથી મળતી પણ સલામતી પણ જળવાતી નથી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોને સુવિધા મળતી નથી પરંતુ મુસાફરોની સલામતી પણ જોખમાઈ છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ ખોરંભે પડી છે. છેલ્લા ચાર વર્ષથી આ મામલે કોઈ આયોજન થઈ શક્યુ નથી. ત્યારે ગાંધીનગર ડેપોને પણ રાણીપ અને ગીતામંદિરની જેમ વિકસાવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ડેપો કક્ષાએથી થોડા સમય અગાઉ જ ગાંધીનગર ડેપોના ફોટોગ્રાફ્સ સહીતનો રીપોર્ટ નિગમને સુપ્રત કરાયો છે. જેથી આગામી દિવસોમાં ડેપોના નવિનીકરણ માટે આયોજન કરવામાં આવે તેવી પણ આશા બંધાઈ છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ પણ અધ્ધરતાલ છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો કંગાળ હાલતમાં જોવા મળી રહ્યુ છે. ડેપોમાં મુસાફરો માટે કોઈ સુવિધા નથી જયારે ડેપોમાં આવતા મુસાફરોના ખિસ્સા પણ ખાલી થઈ જાય તેવી સ્થિતિ છે. ડેપોમાં છેલ્લા દોઢ દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી નથી જેના લીધે તસ્કરી વૃતિને વેગ મળ્યો છે. મોકો મળતા જ ગઠીયાઓ હાથફેરો કરી લે છે. છેલ્લા દોઢ દાયકાથી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે માંગણી કરવામાં આવી રહી છે. સ્માર્ટ સીટી બનવા જતા નગરમાં ધોળા દિવસે ડેપોમાં અપડાઉન કરતા મુસાફરોના ખિસ્સા કપાય છે મોબાઈલ ચોરાય છે તો ક્યારેક મહીલાઓ ચેઈન સ્નેચીંગનો પણ ભોગ બને છે. આમછતા ડેપોમાં પોલીસ પહેરો ગોઠવવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. અગાઉ એસ ટી નિગમ દ્વારા ગાંધીનગર ડેપોના ગેટ નં -૨ પાસે ચોકી શરૂ કરવા માટે જગ્યા પણ ફાળવી દેવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કાંઈ થયુ નથી. બીજીતરફ ગાંધીનગર ડેપોને રાણીપ અને ગીતા મંદિર સહીતના ડેપોની જેમ લોકભાગીદારીથી વિકસાવવા માટેની યોજના પણ ખોરંભે પડી છે. સ્માર્ટ સીટીમાં એસ ટી ડેપો તદન કંગાળ હાલતમાં છે. થોડા સમય અગાઉ ડેપોના ફોટા પાડીને સંપુર્ણ અહેવાલ પણ નિગમને સુપ્રત કરાયો છે. જેથી આગામી દિવસોમાં ડેપોના નવિનીકરણ માટે આયોજન કરવામાં આવે તેવી પણ આશા બંધાઈ છે. શહેરમાં રોડ નેટવર્ક તેમજ નવા બિલ્ડીંગો બાંધવા સહીતની હોટલ અને સ્ટેશનના નિર્માણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે ગાંધીનગર ડેપોમાં પાટનગર હોવાના નાતે બહારથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ ડેપોમાં વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં ડેપો હજુ પણ ખંડરે હાલતમાં છે. મુસાફરોને કોઈ સુવિધા મળતી નથી જયારે મુસાફરોની સલામતી પણ નથી.

વસ્ત્રાલમાં દિપડાએ દેખા દીધી

તંત્ર અને વન વિભાગ દોડતું થયું : વન વિભાગે શોધખોળ શરૂ કરી : વસ્ત્રાલમાં આવેલા દશામાના મંદિર પાસે દીપડો જોવા મળ્યો હોવાની આશંકાને પગલે લોકોમાં ભય ફેલાયો

અમદાવાદ, તા. ૧૭

જંગલ વિસ્તારો ઘટતા જતા હોવાને પગલે જંગલી પશુઓ અવાર-નવાર શહેરી વિસ્તારોમાં જોવા મળી જાય છે. તેમાંય રાજયના વિવિધ વિસ્તારોમાં દીપડો દેખાવાની ઘટના ઘણી જ વધી ગઈ છે. ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલમાં દીપડો દેખાયાની આશંકાએ ફફડાટ ફેલાઈ ગયો છે.

હકીકતમાં, સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થઈ રહી છે, જેમાં વસ્ત્રાલમાં આવેલા દશામાના મંદિર પાસે એક દીપડા જેવું પ્રાણી ફરતું જોવા મળી રહ્યું છે. તસવીરમાં પ્રાણી સ્પષ્ટ નથી દેખાતું, પરંતુ લોકોનું કહેવું છે કે, તે દીપડો જ છે. દરમિયાનમાં વસ્ત્રાલમાં આવેલા ભયજી રાજાજનીના ખેતારમાં શક્તિ માતાના મંદિર પાસે દીપડાના પગના નિશાન મળી આવતા તે પ્રાણી દીપડો જ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેને પગલે વન વિભાગે લોકોને સાવચેત રહેવા સૂચના આપી છે.

વસ્ત્રાલની સીમમાં દીપડો દેખાયાને પગલે રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી તરફથી જાહેર જનતાને સૂચના આપવામાં આવી છે કે, ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ની રાત્રે વસ્ત્રાલ આસપાસ દીપડાના પગના નિશાન જોવા મળ્યા હોવાથી ગામ લોકો તેમજ પશુ પાલકોએ ખુલ્લામાં સૂવું નહીં અને રાત્રિ દરમિયાન અવર-જવર કરવામાં ધ્યાન રાખવું. વન વિભાગે લોકોને રાત્રિના સમયે બેટરી જેવી વસ્તુ સાથે રાખીને જવા અને અવાજ થઈ શકે તેવી વસ્તુ સાથે રાખવા પણ સલાહ આપી છે.

દરમિયાનમાં વન વિભાગના જણાવ્યા મુજબ, જે જગ્યાએ દીપડો દેખાયાની વાત કહેવાઈ રહી છે ત્યાં પાંજરા મૂકવામાં આવશે.

રાજ્યમાં કારચાલકો એકલા હશે તો પણ માસ્ક કરાયું ફરજીયાત

અમદાવાદ,તા.૧૭

રાજ્ય સહિત અમદાવાદમાં એકલા કારમાં જઈ રહ્યા હોવ ત્યારે પણ માસ્ક પહેરવું પડશે તેવું શહેર પોલીસ કમિશ્નરે સ્પષ્ટતા કરતો પત્ર બહાર પાડ્યો છે. જેના પ્રમાણે, અમદાવાદ શહેરમાં કારચાલકો એકલા હશે તો પણ માસ્ક પહેરવું પડશે. અત્યાર સુધી એવું હતું કે એક વ્યક્તિ કારમાં સવાર હોય તો માસ્ક આવશ્યક નહતું. પરંતુ આરોગ્ય મંત્રાલય તરફથી મળેલી સૂચના મુજબ ગૃહ મંત્રાલયના નિર્દેશથી અમદાવાદ પોલીસે આ સ્પષ્ટતાનો વિસ્તૃત પત્ર બહાર પાડ્યો છે. જેના પગલે રિક્ષા, ટેક્સી, કેબ, સરકારી કે ખાનગી વાહનોના ચાલકો અને મુસાફરોએ માસ્ક પહેરવું પડશે. જો કોઈ વાહનચાલક તથા તેમાં મુસાફરી કરતા મુસાફરો માસ્ક વગર પકડાશે તો બંને પાસેથી નિયત કરાયેલી દંડની રકમ વસુલાશે. રાજ્યના ગૃહવિભાગે મુસાફરી દરમિયાન માસ્ક પહેરવાનું ફરજીયાત કર્યું છે. જે માટે ફોર વ્હિલર, રિક્ષા, ટેક્સી, કેબ, સરકારી કે ખાનગી વાહન ચાલકોના ડ્રાઈવર એકલા મુસાફરી કરી રહ્યા હોય તે છતાં પણ તેમના માટે માસ્ક પહેરવું ફરજીયાત છે. આ પહેલા મે ૨૦૨૦માં ગૃહ વિભાગ-ગુજરાત સરકારના હુકમથી ફોર વ્હિલરમાં મુસાફરી દરમિયાન વાહન ચલાવનાર એક જ વ્યક્તિ હોય તો મુસાફરી દરમિયાન તેમને ચહેરાને માસ્ક/કપડાં કે અન્ય રીતે ઢાંકવાથી મુક્તિ અપાઈ હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com